ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સગપણો શીખી લઉં છું પાણિયારે
આખું ઘર સીચી લઉં છું પાણિયારે.

આપણા સંબંધનો દીવો કરૂં છું,
હું તને જીવી લઉં છું,પાણિયારે. !

- ગાયત્રી ભટ્ટ

### પાથેય

- રમેશ ઠક્કર

## અમસ્તા સવારે...

વહેલી પરોઢે સરેરાહ ચાલતાં ચાલતાં અમસ્તું જ ઘણું મળી જાય છે..આગલી રાતની સુસ્તી જાણે સહજ ચુસ્તી બનીને વૃક્ષોના વદન ઉપર છવાઈ જાય છે..નરસિંહ મહેતા એવું કહે છે 'રાત રહે જાહરે,પાછલી ખટઘડી..સાધુપુરુષે સૂઈ ના રહેવું...' આ પંક્તિ એમને મળસ્કે લટાર માર્યા પછી જ સુઝી હશે !

તમે જયારે ગતિમય બનો છો ત્યારે સઘળું પ્રગતિમય લાગે છે..આપણે જેને શુષ્ક કે નિર્જીવ વસ્તુ માનીએ છીએ એ કેટલી ધબકતી ચીજ હોય છે એનો સાક્ષાત્કાર એટલે વહેલી સવાર..! આ વિસ્મયને કવિ 'સ્નેહરશ્મિ ' નાનકડા હાઈકુમાં આ રીતે ગુંથે છે..

બગાસાં ખાતો
રસ્તો ચાલે:નગર
જાગતું ઊંઘે.

શહેરની સવાર જરીક સુસ્ત હોય છે ગામડાના પરોઢની વાત અનોખી છે..અમારા શૈશવનો જો કોઈ શણગાર હોય તો એ વહેલી પરોઢનું વ્હાલ જ ગણાય..ખેતરો અને વૃક્ષો વચ્ચે ઢબુરાઈ રહેલું ગામ પંખીઓના કલરવ અને ઢોર ઢાંખરના લયથી લથબથ થઈ જતું..ગામને ગોંદરે ઊગતો સૂરજ અનેક આશાઓના છડીદાર જેવો લાગતો...ગામ હવે વાગોળવાની ચીજ બની ગયું છે..

પાટનગરમાં આજકાલ વહેલી પરોઢે રસ્તાઓ ઉપર ખુશનુમા ઠંડી લહેરો છવાઈ જાય છે..આવા રસ્તે ચાલતાં મુફલિસ આપણાં ચરણ,વગર યુધ્ધ કર્યે રાજાશાહી ઠાઠ અનુભવે છે..! આકાશની અવનવી છટાઓ તમારું અભિવાદન કરે ત્યારે એમાં લાગણીનો કોઈક તંતુ અનુભવાય છે...અલૌકિક કોઈક સંધાન થતું લાગે છે..

અચાનક નિકળેલું કોઈક હવાઈજહાજ ઘરઘરાટી કરે છે ત્યારે પરોઢની પરિપકવતા એને નિભાવી લે છે ! નાનપણમાં અમારા કામલપુર ગામના ભુરા આકાશમાં સફેદ ધૂમ્રસેરો ઉડાડતું રોકેટ જોવા મળતું ત્યારે કલાકો સુધી એનો રોમાંચ અમારા મનમાંપ્રસરી રહેતો..આજે જાણે કુતુહલ જ ખોવાઈ ગયું છે...માણસને કશાયની નવાઈ જ નથી લાગતી...

આજકાલ ઉંચે જોવાની પણ કોઈને ફુરસદ નથી..આપણી પાસે ગતિ છે પણ લય નથી..ઘોંઘાટ આપણને ઘેરી વળે છે પણ કોલાહલ સમજાતો નથી..આપણી સામે કોઈ ચોક્કસ આકાર નથી..અને એટલે જ જીવનમાં સંચાર પણ નથી...આવી સ્થગિતતાને સવારની છટાઓ સ્પંદન આપે છે... આપણે જયારે ચરણ લઈ ચાલવા બેસીએ ત્યારે વરસો નાં વરસ એક એક પળની નિરાંત જેવાં લાગે છે..નિરાંત એ જ આમ તો જીવનની પુરાંત હોય છે એ આપણને ઘણું મોડેથી સમજાતું હોય છે !

# ભારત : યુવાનોના આપઘાતનું કેપિટલ

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતને એક શરમજનક સરપાવ આપ્યો છે. એક સમયનું વિશ્વગુરુ ગણાતું ભારત કાળક્રમે યુવાનોનું આપઘાતનું કેપિટલ બની રહ્યું છે. દેશમાં યુવાનોની વસતિ આખી દુનિયાની સરખામણીમાં સૌથી મોટી હોઈ આપણા રાષ્ટ્રીય નેતાઓ ગર્વ અનુભવે છે. ચીન અને જાપાનમાં ઘરડેરા વધારે છે, ભારત વિશ્વની પ્રાચીનત્તમ સંસ્કૃતિ ધરાવતો દુનિયાનો સૌથી યુવાન દેશ છે. આવડી મોટી યુવા વસતિ હોવાનું ગૌરવ જરૂર લઈ શકીએ, પણ ખાટલે મોટી ખોડ કે આપણા મોટા ભાગના યુવાનો બેકાર છે. બેરોજગાર છે. આથી એ માતાપિતા અને પરિવાર માટે બોજારૂપ બની ગયા છે. ખેડૂતો દેવું કરીને વાવણી કરે છે. પછી કુદરત રૂઠે છે ત્યારે પાક નિષ્ફળ જાય છે. દેવું નથી ચૂકવી શકાતું એથી એનું ટેન્શન કયારેક એમને આત્મહત્યા જેવું અંતિમવાદી પગલું ભરવા દોરી જાય છે. જીવવાનું અને મોજમજા કરવાનું તો સૌને ગમે પણ એ માટે આર્થિક સુરક્ષા જોઈએ. સરકાર લાખ પ્રયત્નો પછી પણ દેશના યુવા વર્ગને એ સંતોષકારક કહી શકાય એટલા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકી નથી. યુવાનોને કામ ખપે છે. વડાપ્રધાન 'સ્વનિર્ભર' બનવાનો ઉપદેશ આપે છે. અનેક લાભકારી યોજનાઓ સરકારી ચોપડે તો ચાલે છે, છતાં એક યા બીજા કારણસર આ દેશનું યુવાધન ડિપ્રેશનમાં સકંજામાં ભસાતું રહ્યું છે. ડિપ્રેશનની વેળાસર ચિકિત્સા કે સારવાર નથી થતી અને આખરે જિંદગીનો ઝિલમિલ દીપક બુઝાવી નાખવા સિવાય યુવાન પાસે બીજો વિકલ્પ રહેતો જ નથી. એને એવી સ્થિતિમાંથી ઉગારી લેવાની જવાબદારી પરિવારથી લઈ સરકાર પર્યંત વિસ્તરે છે. પરિવાર તરફથી સાંપડતી ઉપેક્ષા અને સરકાર તરફથી મળતી નિરાશા આખરે એક હળુહળુ જિંદગીના વિલયમાં પરિણમે છે. હમણાં હમણાં જે કિસ્સા બન્યા છે એ વાંચી-સાંભળીને કોઈ પણ માનવીનું કાળજું કંપી ઊઠે એવું છે કોઈ 'નીટ'ની પરીક્ષામાં નાપાસ થવાથી હતાશ થઈ આપઘાતનું પગલું ભરી બેસે છે તો કોઈ પોલીસ-ભરતી માટેની પ્રાથમિક શરત જેવી દોડમાં નિષ્ફળ જતાં મોત વહાલું કરે છે. યુવાન વયમાં સંવેદનશીલતા ચરમસીમાએ હોય છે. વાત વાતમાં યુવાન - યુવતીને માઠું લાગી જાય છે, કયારેક પ્રેમી પંખીડા સમાજમાં આકરાં બંધનોથી અકળાઈને હાથમાં હાથ ભેરવી કેનાલમાં ઝંપલાવી દે છે. આપઘાત એ સમસ્યાનો ઉકેલ નથી જ નથી. પરંતુ દિઙ્મૂઢ થઈ ગયેલા યુવા વર્ગને ચોમેર અંધકાર દેખાય છે, એને પોતાની હયાતી જ ભારરૂપ લાગવા માંડે છે અને તેથી એ આવું ગોઝારું પગલું ભરી લે છે. સ્ત્રીઓ પર અત્યાચારની ઘટનાઓ બનતી રહે છે. ચારિત્ર્ય પર દોષારોપણથી લઈ બળાત્કાર સુધીની ઘટનાઓ આપઘાતમાં પરિણામે છે. એથી પણ વધુ ચિંતાજનક બાબત તો બાળકો અને કિશોરો આપઘાત કરવા લાગ્યા છે, તે છે. મોબાઈલ પર આવતી રમતથી લઈ સિરિયલોમાં આવતા એપિસોડ એમને જિંદગી ટૂંપાવવા પ્રેરે છે. હમણાં એક ગ્રામીણ બાળક એના શિક્ષક સામે ટ્યૂશનમાં નહીં ફાવતું હોવાની દલીલ કરતો વીડિયો ફરતો થયો છે. બાળકને ટ્યૂશનમાં ભમવું ધરાર નથી ગમતું. એને ઘરે જ ભણવું સારું લાગે છે. શિક્ષકની સમજાવટની એના બાળમાનસ પર કોઈ જ અસર નથી થતી. બાળક ત્યાં સુધી કંટાળી ગયું છે કે એ કહે છે : તમારે મને પંખે લટકાવી દેવો હોય તો લટકાવી દો પણ હું ટ્યૂશનમાં નહીં આવું. પંખે લટકીને મરી જવાથી બધા પ્રશ્નો હલ થઈ જશે - એવી સમજણ કાચીકુમળી વયનાં બાળકોમાં પ્રગટે એ કેવી ખતરનાક પરિસ્થિતિનો સંકેત છે ! આ તમામ બાબતોના મૂળમાં આપણી વધુ પડતી અપેક્ષાઓ અને કરિયરને જિંદગી કરતાં ઉપર મૂકવાની વૃત્તિ રહેલી છે. આખી દુનિયામાં આજે કારકિર્દીની ઉંદર દોડ લાગેલી છે, જે હતાશા પ્રેરક છે. ભારત માટે તો એ ખતરાની ઘંટડી જ છે. વેળાસર નહીં ચેતીએ તો આપણું મહામૂલું યુવાઓધન અકાળે વેડફાતું રહેશે.

# દરેક સંતાનના જીવનમાં સાક્ષાત્ ઉપદેશ આપતી ગીતા એટલે 'પિતા'

ગીતાની વાત કહો કેટલી પચાવી ?
કેટલી કુટેવ કાઢી કેટલી બચાવી ?
સ્વાધ્યાયથી જીવનને સુંદર બનાવજો !
આ જિંદગીમાં ચોપડામાં સરવાળો માંડજો !
સ્વ. ઈન્દભાઈ પોપટાણી

●●●

મોક્ષદા એકાદશી ... ઉર્ફે ગીતાજયંતી... માનવ્યનો રૂડો અવસર.... પણ... માનવ જાત તો 'થર્ટી ફર્સ્ટ' ના ચકરાવે ચડી છે !!

જગતમાં ઘણા મહાપુરુષોની જન્મજયંતિઓ ઊજવા છે. કિન્તુ ગ્રંથોમાં તો કેવળ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જ એક એવો બડભાગી ગ્રંથ છે કે જેની જન્મજયંતી ઉજવવામાં આવે છે.

દોસ્તો, શ્રીમદ્ એટલે સંપન્નતા વધારનારી. ભગવદ્ગીતા એટલે ભગવાને ગાયેલી. હવે ભગવાન સ્વયં જે ગા તે ગીતમાં લય, હોય, સૂર, તાલ ને સંગીત હોય... સંવાદિતા હોય ! જયાં સંગીત હોય ત્યાં સંવાદિતા હોય... પછી કોઈ વિસંગતિ કે વિસંવાદિતા સંભવે ખરી ? ત્યાં પૂરેપૂરી સંપન્નતા જ હોય ને! ગીતાજીનો ઉપદેશ સમજીએ....

ભગવાનની વાણી પચાવીએ તો જીવનની વિસંગતિ કે વિસંવાદિતા ટળે જ - ને - જીવન સાચા અર્થમાં સંપન્ન બને !!

ગીતા તો બધા ઉપનિષદોનો સાર છે - 'સર્વોપનિષદો ગાવો દોગ્ધાગોપાલનન્દન :' - સર્વ ઉપનિષદો ગાયો છે અને એના દિવ્ય અમૃત દૂધના દોગ્ધાગોપાલનંદન છે ! આપણે ગીતાનો પાઠ કરીએ છીએ, કેમ કે આપણને એને માટે આદર છે, પ્રેમ છે, ભાવ છે - આ સાથે બીજું એ પણ સમજવાનું કે ભગવાનનો આ દિવ્ય સંદેશ મારા જીવનમાં હું કઈ રીતે લાવી શકું... એ દ્વારા હું મારું અને આપણું જીવન કઈ રીતે બદલી શકું. દરેક સંવત્સર કે દરેક વર્ષમાં પવિત્ર તિથિઓ આવતી હોય છે. પહેલાં બનેલા બનાવ જે સૂક્ષ્મમાં સંગ્રહિત છે, એ બનાવ ફરી સૂક્ષ્મમાંથી થોડો બહાર આવે છે અને ફરી એવું ને એવું દિવ્ય વાતાવરણ સર્જાય છે, આ દિવ્યતાને આપણી અંદર ઝીલવાની એક પ્રબળ ઈચ્છા કે મનોભૂમિકા તૈયાર કરવાની એક તક છે. એમ સાધકો અને મનિષિઓનું કહેવું છે.... પણ... કરૂણતા એ છે કે શાલ, ગીતાને



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

શ્રીફળ રિયાયરમેન્ટ વખતે મળે ત્યારે જોવાની થાય... સંસાર પૂરો થયા પછી ગીતા ઉપાડીને શું કામ છે ? સંસારને શ્રેષ્ઠ કરવો હશે તો સંસારની શરૂઆતમાં એટલે કે યુવાનીમાં જ ગીતા ઉપાડવી પડશે... જો કે યુવાનીના આરંભે જ પ.પૂ. પાડુરંગ શાસ્ત્રી આઠવલેજીના સ્વાધ્યાય કાર્યના સ્પર્શ થકી ગીતા પાઠી થયો.

સાચે જ પૂ. દાદાની સ્વાધ્યાય પ્રવૃત્તિ સાંપ્રત સમયનું બહુ મોટું આશ્ચર્ય ગણાય!! ગીતાજયંતિ એ લાખો કૃતિશીલાને ગીતાંજલી અર્પતાં નજરે નિહાળ્યા છે. અરે, માત્ર પાંચ-સાત મિનિટ ગીતાજી વિશે એક-એકથી ચડિયાતા પ્રાણવાન વકતૃત્વ સાંભળી ગદગદિત થયો છું. યુવાશક્તિને સદ્વિચાર, સત્કર્મ ને સદ્વર્તનના પાઠ પાકા કરાવનારી સ્વાધ્યાય પીઠ નવા જમાનાની આશા છે.

મિત્રો, ગીતા તો વ્યક્તિથી વિશ્વશાંતિ સુધીની ચિંતનધારા છે... જે વિષાદને પ્રસાદમાં પલટાવે ... જીવનને બ્રહ્મત્વમાં રૂપાંતરિત કરી દે... તેથી જ સંતો, પંડિતો, વિદ્વાનો, વિચારકો, ધર્માચાર્યો, તત્ત્વચિંતકો, કવિઓ, કથાકારો, ભજનીકો ઘેલા થયા છે. મહાત્મા ગાંધી કહેતા કે, 'મને જન્મ આપનારી માતા તો ચાલી ગઈ, પરંતુ સંકટ સમેય ગીતામાતા પાસે જવાનું શીખી ગયો છું.... હું તો ચાહું છું કે ગીતા રાષ્ટ્રીય શાળાઓમાં જ નહીં પરંતુ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓમાં ભણાવવામાં આવે.'

વિનોબાજીના ઉદગારો પણ સાંભળવા જેવા છે; 'મારું શરીર માના દૂધથી પોષાયું છે. પણ તેથી એ વિશેષ મારું હૃદય પણ મારી બુદ્ધિ એ બંનેનું પોષણ ગીતાના દૂધથી થયું છે.'

હેન્રી ડેવિડ થોરોના શબ્દો છે, 'મારા જીવનના કોઈ પણ પ્રશ્નનો ઉત્તર આ નાનકડી પુસ્તિકમાં છે.' વોરન હેસ્ટિંગ્સે એવું અનુભવ્યું કે,'નીતિને ઉન્નતિના ટોચ પર પહોંચાડવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે.' એડવીન આર્નોલ્ડે તો - 'ધ સોંગ સેલેશીયલ' - નામે ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો.

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

● વિજય દિવસ (બાંગ્લાદેશ મુક્તિ દિવસ:
ભારતમાં આજના દિવસને વિજય દિવસ તરીકે ઊજવવામાં આવે છે. ૧૯૭૧ના યુદ્ધમાં આ જ દિવસે પાકિસ્તાન પર વિજય મેળવીને ભારતીય સેનાએ બાંગ્લાદેશને સ્વતંત્ર દેશ બનાવ્યો હતો.

આજનું

### ઔષધ

● ભોયરીંગણીના પાનનો રસ ખરજવા ઉપર લગાડવાથી ખરજવું મટે છે.

### ખડખડાટ

● અમિતાભ બચ્ચન પણ જોરદાર છે હો...
પહેલા કેબીસીમાં રૂપિયા જીતાડે, પછી કલ્યાણ જવેલર્સમાંથી દાગીના લેવરાવે, પછી મુથુટ ફાઈનાન્સમાં ગીરવી મુકાવે, પછી ટેન્શન વધે એટલે માથે નવરત્ન તેલ ચીપકાવે, પછી તેલના ડાઘા પડે તો ઘડી ડીટરજન્ટથી ધોવરાવે.

આજનો

### વોટ્સએપ

● દસ માણસો નથી કરી શકતા તે કાર્ય દઢ સંકલ્પ વડે એક માણસ પૂરું કરી શકે છે. ખરેખર સંકલ્પ શક્તિ મહાન છે.

### વિચાર

● હાલાત વો ના રખેં જો હૌંસલોં કો બદલ દેં, બલ્કી હૌંસલા વો રખેં, જો હાલાતોં કો બદલ દેં.
- સુબોધ જોષી

● લોક કલ્યાણ આનંદની ગંગોત્રી છે.
- ડો. હરીશ પારેખ

● ધ્યેયથી સિદ્ધિ સુધીનો માર્ગ શિસ્તના પુલ પરથી પસાર થતો હોય છે.
- ગુણવંત શાહ

# મા-બાપ માટે પરાક્રમ જવાબવિહીન કોયડો હતો!

પરાક્રમ. એનું નામ! ફોઈએ તો રૂપાળું ''પરમેશ્વર'' નામ પાડ્યું હતું પણ એનાં કરતૂતોને લીધે આખા ગામે વડીફોઈનો રોલ ભજવીને એનું નામ ''પરાક્રમ'' પાડી દીધેલું!

જો કે ગામ પણ કઈ ખોટું નહોતું. પરમેશ્વરનાં પરાક્રમો જ એવાં હતાં કે એને ''પરમેશ્વર'' તો કહેવાય એમ જ નહોતો! ભલે નિરુપદ્રવી, પણ ''શેતાન'' કહેવાય એવો હતો એ!

બાળપણથી જ એનાં પરાક્રમોએ દેખા દેવાનું ચાલુ કરી દીધેલું! અને ગરીબ મા-બાપનાં બાળકોને પરાક્રમ દેખાડવાનો અધિકાર હોતો નથી. મા કોઈકના ઘરે ઘઉં સાફ કરવા જતી ત્યારે નાનકડા પરમેશ્વરને ક્યાં મૂકીને જાય એ પ્રશ્ન થતો. બાપ તો વહેલો સવારમાંથી જ મજૂરીએ ઉપડી જતો. એટલે મા પરમેશ્વરને સાથે લઈ જતી. એ બાજુમાં રમ્યા કરશે ને પોતે પોતાનું કામ કરશે એવી બિચારી ભોળી માની ગણતરી રહેતી! પણ પરાક્રમ ન દેખાડે તો પરમેશ્વર શાનો! સાફ કરેલા અને ન કરેલા-બે ય જાતના ઘઉં એ ઘડીક વારમાં ભેગા કરી આપતો! મા બિચારી અકળાતી, ધમકાવતી, ફટકારતી પણ પરમેશ્વર પાછો જાતે ઢીટ! ગમે તેટલું કહો ને, એને કોઈ ફરક જ નહોતો પડતો! મા એને ખીજાઈને જેના ઘરે કામ કરતી હોય એના બાથરૂમમાં પૂરી દેતી તો ભાઈ ત્યાં પડેલી પાણીની ડોલો ઊઠાવીને મંડતા નહાવા! એનું શું કરવું એ જ માને સમજણ નહોતી પડતી!



**સ-રસ**
**મમતા બુચ**

થોડોક મોટો થયો એટલે માએ કામ પર જતી વખતે એને પડોસમાં રહેતા મનસુખ દરજીને ત્યાં મૂકવાનું નક્કી કર્યું તો ત્યાં ય એણે એના પરાક્રમનો પરચો આપેલો! આમ તો મનસુખ દરજીની નાનકડી રૂપલી સાથે એને સારું ગોઠી ગયું હતું. બે ય જણાં આખો દિવસ રમ્યા કરતાં. પણ એક દિવસ પરાક્રમ રૂપલીના ઘરે પહોંચ્યો ત્યારે રૂપલી થાકી ગઈ હતી તે સૂઈ ગઈ હતી. પરાક્રમને એકલાં ગમતું તો નહોતું પણ ઘરે જઈને પણ શું કરવાનું એ વિચારે એ રૂપલી ઊઠે એની રાહ જોઈને એની બાજુમાં બેઠો. મનસુખ દરજી ઘરમાં જ સંચો ચલાવતો એટલે એની સામે જ ખાટ ઉપર સૂતેલી રૂપલી પાસે બેસીને એ મનસુખની શિખામણભરી વાતો સાંભળતો બેઠો. મા કામ પતાવીને મનસુખને ત્યાં પરાક્રમને લેવા આવી ત્યાં એને શાંત બેઠેલો જોઈને બહુ રાજી થઈ. એ તો પછી મોડેથી ખબર પડી કે બેઠાં બેઠાં પણ પરાક્રમે સ્વભાવગત કાર્યવાહી કરી નાખેલી! સૂતેલી રૂપલીની બે નાનકડી ચોટલીઓ ઓશીકા ઉપર લટકતી હતી તે એણે મનસુખ દરજીની કાતરથી કાપી નાખી હતી! મનસુખને એમ કે સીવતાં-સીવતાં એ પરાક્રમને જ્ઞાન આપી રહ્યો છે પણ પરાક્રમે એનો સીધો ''પ્રેક્ટિકલ'' પરચો જ આપી દીધેલો!

પછી તો રૂપલીની માએ પરાક્રમની મા સાથે ઝઘડો કરેલો. ત્યારે પરાક્રમની મા એટલું બોલી કે જોજે, એક દિ઼ મારો પરમેશ્વર જે પરાક્રમ કરે તે! બીજું એની પાસે બોલવા જેવું કંઇ હતું ય નહીં!

પણ પછી મનસુખ દરજીનાં બારણાં પણ પરમેશ્વર માટે બંધ થઈ ગયેલાં. જો કે રૂપલીને પરાક્રમ સાથે રમવામાં કોઈ વાંધો નહોતો લાગ્યો.

તે પછી તો પરાક્રમનાં અનેક કરતૂતો ગામલોકોએ જાણ્યાં અને માણ્યાં! ગામની ધૂળીયા નિશાળમાં વર્ગમાં સાથે ભણતા છોકરાને આંખ બંધ કરવાનું કહી પેંડાની જગ્યાએ મમરાનો બૂકડો ભરાવી દેવો, શિક્ષક વર્ગમાં આવે ત્યારે બારણાંની પાછળ ઊભા રહીને એમને બીવડાવવા, શેરીના કૂતરાની પૂંછડીએ ખાલી ડબલું દોરીથી બાંધીને કૂતરાને ગામમાં છોડી દેવું......વગેરે વગેરે!

મા-બાપ માટે પરાક્રમ જવાબવિહીન કોયડો હતો! નિશાળ તો અકાળે જ મરણ પામી હતી! હવે પરાક્રમ માટે ગામની સીમ જ માનો ખોળો હતી! એ જ એક એને સંઘરતી હતી! સોળેક વર્ષનો પરાક્રમ ત્યાં બેસતો અને દેશની સરહદને અડીને આવેલા એના નાનકડા ગામ આગળથી પસાર થતા સૈનિકોને જોતો રહેતો.

એક દિવસ સાંજ ઢળી રહી હતી. ને ગામમાં બ્યૂગલનો અવાજ સંભળાયો. પડોસી દેશ સાથે યુદ્ધ છેડાઈ ચૂક્યું હતું એની એ જાણ કરતું હતું. બધાં ગામજનોનાં ઘરનાં બારી-બારણાં ફટાફટ બંધ થઈ ગયાં.

પરમેશ્વર હજી સીમમાં જ બેઠો હતો. સૈનિકોના ઉતાવળા પગરવ તરફ કાન માંડીને એ દોડ્યો. જવાનોને મેજર સંબોધી રહ્યા હતા. એમાં એ એટલું સમજ્યો કે બોર્ડર ઉપર તારની વાડ છે એની પેલે પાર દુશ્મનની ચોકી છે. એમાં એ લોકોનો પ્લાન કાગળમાં દોરેલો છે એટલી બાતમી મળી છે. એ પ્લાન જો હાથમાં આવી જાય તો મોટું કામ થઈ જાય. પણ તારની વાડ પાર કરીને સામે પાર જવું પડે.

પરમેશ્વર એ આખી જગ્યાનો ભોમિયો હતો. સીમમાં રખડી-રખડીને એ ખૂણે-ખૂણાનો જાણકાર થઈ ગયો હતો. તારની વાડ ઊંચી જરૂર હતી પણ નીચે જમીનમાં ઊંડે એક નાનકડું નાળું વહેતું હતું એનો અવાજ એણે કાન દઈને ઘણી વાર સાંભળ્યો હતો.

એણે મેજરને જાણ કરવાનું વિચાર્યું પણ એની વાત કોઈ માનશે કે કેમ એની એને શંકા હતી. અને સમય વહેતો જતો હતો. એણે તારની નીચેનો ભાગ હાથેથી ખોદયો. થોડુંક ખોદયા પછી એનું શરીર સમાય એટલી જગ્યા થઈ. પાણી ખૂંદતો-ખૂંદતો એ દુશ્મનની ચોકી પર પહોંચ્યો. સામ-સામા ગોળીબાર ચાલુ થઈ ગયા હતા. લપાતો-છુપાતો એ ચોકીમાં જઈને ત્યાં પડેલો પ્લાન લઈ આવવામાં કામિયાબ થયો જ હતો કે દુશ્મન સૈનિકે એને જોઈ લીધો. અને ભાગતા પરમેશ્વરની પીઠ ઉપર ગોળીબાર થયો.

પણ એ જ રીતે પાણીમાં થઈને એ પાછો ફરી ગયો અને એક જવાનના હાથમાં પ્લાન આપીને બેહોશ થઈ ગયા પછી એની આંખ ખૂલી ત્યારે એ હોસ્પિટલના બિછાના ઉપર હતો. હાંફળી-ફાંફળી થઈને સીમ તરફ દોડી આવેલી મા, બાપુજી અને બધાં ગામજનો એની આસપાસ વીંટળાયેલાં હતાં. એની સામે જ મેજર બેઠેલા હતા. એના હાથ ઉપર હાથ મૂકીને એ પૂછી રહ્યા હતા, ''ક્યૂઁ રે બહાદૂર, ફૌજમેં ભરતી હોના ચાહેગા?'' ગળગળી થઈ રહેલી માના ગળામાંથી ત્યારે એટલા જ શબ્દો નીકળ્યા, ''મેં કહ્યું હતું ને, જોજો એક દિ' મારા પરાક્રમનું પરાક્રમ!'' ને કોણ જાણે કેમ એની પાસે ઊભેલી રૂપલીના રૂપાળા મોંઢા ઉપર ત્યારે અજવાળું પથરાઈ રહ્યું હતું!

('વિજય દિવસ' સાથે જોડાયેલા તમામ સૈનિકોને અર્પણ!)

- mtabuch150@gmail.com

# આમળા

શિયાળો એટલે મોટાભાગના લોકોની ગમતી સીઝન. શિયાળામાં વધુ ફ્રેશ રહેવાય. અને શરીર પ્રત્યે નેચરલી જ થોડી વધુ સજાગતા પ્રવર્તે. આ સજાગતાને ધ્યાનમાં લઈને આજે આપણે શરીર માટેના બેસ્ટ ટોનિક આમળાની વાત કરીએ. આમળાનું આયુર્વેદમાં પ્રચૂર વર્ણન છે. ખૂબ ઉપયોગીતા છે. ત્રિફળામાંના એક દ્રવ્ય એવા આમળા અનેકાધિક રીતે ગુણકારી છે. આમળાને અમૃતફલા અને વયસ્થા કહ્યા છે, એટલેકે આમળાનું નિત્ય સેવન કરનારાઓ દિર્ઘાયુષ્ય ભોગવે છે અને અકાલ મરણને પ્રાપ્ત થતા નથી. વિટામિન ''સી'' ના પ્રચૂર સ્રોત એવા આમળાના ગુણોને જાણીએ.

આમળા શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે. આયુર્વેદમાં આમળાને લગતા અનેક રસાયણ પ્રયોગો છે..અમુક પ્રયોગોમાં તો એવા એવા વર્ણનો છે કે જે આજે આપણને પ્રેક્ટીકલી અશક્ય લાગે પણ આ અતિશયોક્તિયુક્ત વર્ણનો પાછળનો અનિર્દિષ્ટ સાર આમળાની કાર્મુકતા અને પ્રભાવને સિધ્ધ કરે છે. આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા લખાયેલ ચરકસંહિતામાં વર્ણીત આમળાના એક રસાયણ પ્રયોગ પર નજર કરીએ...



**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડો. કેદાર ઉપાધ્યાય**

''વ્યક્તિએ એક વર્ષ સુધી ફક્ત ગાયનાં દૂધ પર રહેવું, ગાયત્રીમંત્રના જાપ કરવા અને બ્રહ્મચર્યનું પાલન કરવું. એક વર્ષ બાદ ત્રણ દિવસના ઉપવાસ કરી, શારીરિક શુધ્ધ થઈ, માગશર-પોષ મહિનાની કોઈપણ તિથિમાં આમળાના વનમાં પ્રવેશ કરવો. મોટા ફળોયુક્ત ભરપૂર આમળા જેમા હોય તેવા વૃક્ષ પર ચઢીને આમળા લેવા. આમળાને હાથમાં લઈ બ્રહ્મનો જાપ કરતા કરતા 'આમા અમૃતનો પ્રવેશ થઈ રહ્યો છે તેવી ભાવના કરવીહ્ન આથી તે આમળામાં અમૃતતત્વનો સંચાર થશે. આમળા મધુરતાને પામશે. આવા આમળા જેટલા ખાવામાં આવે તેટલા હજાર વર્ષનું (હા, હજાર વર્ષ) દિર્ઘાયુષ્ય વધે છે. મનુષ્ય સાક્ષાત દેવસ્વરૂપ બને છે અને લક્ષ્મી-સરસ્વતિને પામે છે. ''



છે ને કોઈ સાઈ-ફાઈ ફિલ્મની સ્ટોરી જેવું વર્ણન... સ્વાભાવિક જ.. આ પ્રયોગ કરવો પ્રેક્ટિકલી અઘરો છે, પણ એટલું તો ચોકકસ કહી શકાય કે આપણા મહર્ષિઓને આમળા પ્રત્યે કેટલો સ્નેહ અને વિશ્વાસ હશે કે તેઓ આટલું અદ્ભૂત વર્ણન કરી શકે... આપણે ભલે આવા પ્રયોગો ન કરી શકીએ.. પણ આમળાની સીઝનમાં તેનો ઉપયોગ તો કરી જ શકીએ. આમળાથી ઈમ્યુનીટી વધે, સ્કીન સરસ થાય, વાળ માટે હિતકારી છે, તાવ મટે, શરીરની ગરમી દૂર થાય, ડાયાબીટીસ માટે ઉપયોગી છે, વીર્યવૃધ્ધિ થાય, શરીરમાં ક્યાયથી લોહી પડતું હોય (જેમકે નસકોરી, પાઈલ્સ કે વધું પડતા માસિક) તેમા શાંતિ થાય, બાળકોની મેમરી વધે, ભૂખ અને પાચન સુધરે.... આવા કેટલાય ઉપયોગો છે આમળાના. હા, પ્રમાણભાન નહિં ભૂલતા.. અતિની ગતિ નથી... જેને ખટાશ વધું માફક નથી આવતી તેઓ પણ સાચવીને ઉપયોગ કરજો. બાકી, આ સિઝનમાં બેસ્ટ ટોનિક એવા આમળા અત્યારે તાજા-માજા મળે છે.. તો ખાઓ, ખવડાવો અને રહો ફીટ એન્ડ ફાઈન..

(M) 9879471147

# આપણા લોકોની ચલાવી લેવાની આદત જ સૌથી મોટી સમસ્યા છે

થોડાં દિવસો પહેલા એક મમ્મીએ એના છોકરાને કહ્યું, ''જો હવે ટીવી બંધ નહીં કરે તો હું તને મારીશ.' એ નાનું છોકરું તરત કહે, ''તું મને આમ ધમકાવી ના શકે હું તારા પર ચાઈલ્ડ એબ્યુસનો કેસ કરીશ!' મમ્મી તો આ સાંભળીને છક્ક થઈ ગઈ અને પછી ખીખી કરતી હસી પડી. કેટલીય જગ્યાએ આ વાત કહીને એનો નાનકડો છોકરો કેટલો હોશિયાર થઈ ગયો છે એની ચર્ચા કરી.

હવે આમ જુઓ તો આ વાત એક મજાક રૂપે પૂરી થઈ ગઈ, પણ ખરેખર એ એક મજાક હતી? નાના છોકરાને પણ ખબર પડે છે કે મમ્મી એને ધમકાવી ન શકે. ભલે તે એના ભલા માટે જ કહેતી હોય પણ બાળકની ઈચ્છા વિરૂદ્ધ તે એની પાસે કશું જ કરાવી ના શકે અને જો તે બળજબરી કરશે તો બાળક એની મદદ માટે કાયદાને વચ્ચે લાવી શકે છે.

તમારી સાથે ક્યારેય એવું થયું છે કે તમે કોઈ કચેરીમાં કામસર ગયા હો અને ત્યાંના કોઈ કર્મચારીએ તમારી સાથે તોછડાઈ ભર્યું વર્તન કર્યું હોય. તમે એ વખતે શું કરેલું?

કોઈ કચેરીમાં કદાચ બધાને આવો કડવો અનુભવ લેવા જવાની જરૂર ના પડી હોય પણ બેંક વિશે શું કહેશો? કોઈ બેંકમાં તમારે રૂપિયા જમા કરાવવા જવું પડ્યું હોય અને ત્યાં કેશિયરની કેબિનમાં બેઠેલી વ્યક્તિ તમારી સાથે જાણે તમે એની પાસે ઉધાર માંગવા ગયા હો એવું વર્તન કરે તો? તમે તમારા પોતાના રૂપિયા જમા કરાવવા જ ગયા છો, લોન લેવા કે તમારા જ ખાતામાંથી રૂપિયા ઉપાડવા ગયા હો એની તો હજી મેં વાત જ નથી કરી. એવે વખતે તો ઘણી જગ્યાએ જોયું છે કે કેટલીક બેંકના કર્મીઓ જાણે એના ગજવામાંથી રૂપિયા કાઢીને તમને દેવાના હોય એટલો ભાવ ખાતા હોય છે.



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

કોઈ પણ સંસ્થા લઈ લો, હોસ્પિટલો, ટપાલ ખાતું, રેલ્વે કે બસ સ્ટેશન, છેલ્લે એરપોર્ટ પર ચકરડું માર્યુ હોય તો એનેય યાદ કરી જુઓ. ક્યારેક તો ત્યાંના કોઈ ને કોઈ સ્ટાફ મેમ્બર સાથે તમને કડવો અનુભવ થયો જ હશે. એ વખતે તમે શું કરેલું?

હવે હું તમને એક વાત કહી દઉં દરેક જગ્યા ખરાબ નથી હોતી. અમુક જ આળસુ કે ઉદ્ધત કર્મચારીને લીધે સમગ્ર સંસ્થાને બદનામ થવું પડે છે. મારું કહેવાનું એટલું જ કે જે સંસ્થા લોકોની સગવડ માટે ઊભી કરાઈ છે ત્યાં લોકોને જ હાલાકી ભોગવવી પડે એવું શા માટે થાય છે?

જવાબ સરળ છે. આપણને બધાને ચલાવી લેવાની ટેવ પડી ગઈ છે. જ્યાં લાગે કે સામેવાળી વ્યક્તિ યોગ્ય વર્તન નથી કરી રહી ત્યાં આપણે ચૂપ થઈ જઈએ છીએ. બને ત્યાં સુધી એ જગ્યાએ જવાનું ટાળીએ છીએ કે પછી હસી નાંખીને વાત ત્યાં જ પૂરી કરી નાખીએ છે.

એક સામાન્ય વાત વિચારો. આપણે ત્યાં બેંકમાં જવાવાળી બહેનો કેટલી? બેંકમાં નોકરી કરવાની વાત નથી કરી રહી, બેંકમાં તમારા ખાતાને લગતા કામકાજ કરવાની વાત છે. ખૂબ ઓછી હેં ને! કેમ? કેમ કે તેમને એનો અનુભવ નથી. ક્યારેક હિંમત કરીને બેંકના પગથિયાં ચઢી પણ જાય તો મનમાં એક ફફડાટ થતો હોય. હમણાં એમનાથી કોઈક ભૂલ થઈ જશે અને ટેબલ પાછળ બેઠેલી વ્યક્તિ એમને દબડાવી કાઢશે! આ ડરને લીધે જ કેટલીય સ્ત્રીઓ, વૃધ્ધ કે શરમાળ પ્રકૃતિની વ્યક્તિઓ બેંકમાં જતા કતરાય છે. આવું જ બીજી પણ અનેક જગ્યા માટે કહી શકાય પણ આપણે સરળતા માટે બેંકનું જ ઉદાહરણ લઈએ.

હવે તમે મને એ કહો કે તમે બેંકમાં રૂપિયા જમા કરાવવા કે ઉપાડવા જાઓ એ માટેની તમારી લાયકાત શું હોવી જોઈએ? સરકારે એ માટેના કોઈ ધારાધોરણ નક્કી કર્યા છે? ત્યાં જે સ્ટાફ છે એ શેને માટે છે, તમારી મદદ કરવા કે તમારી ભૂલ કાઢવા? એ લોકો તમારી સાથે તમને અપમાનજનક લાગે એવી રીતે ના જ વર્તી શકે એટલી વાત બધાની સમજમાં ક્યારે આવશે? જે દિવસે આપણા દેશની દરેક વ્યક્તિ આ રીતે વિચારતી થઈ જશે એ દિવસે કોઈ કર્મચારી તમારી સાથે અપમાન ભર્યું વર્તન નહીં કરી શકે.

હવે વાત આવે એના ઉકેલની. કોઈએ તમારી સાથે, તમારા વાંક વગર કે કોઈ નજીવી ભૂલ બદલ અપમાન જનક વર્તાવ કર્યો તો શું કરવું?

મારું માનો તો એવા સમયે બરફની પાટ તમારા માથે અને ગોળનો ગાંગડો તમારી જીભ ઉપર મૂકી દેવાનો. સામેવાળી વ્યક્તિ ભલે ગમે એટલી ઉદ્ધતાઈ પર ઉતરી આવે આપણે ગ્રાહક છીએ અને આપણે ગ્રાહકની જેમ જ વર્તવાનું. જ્યાં ખબર ના પડે ત્યાં દસ વખત પૂછવાનું જ અને જ્યાં સુધી એ વ્યક્તિ તમને સમજમાં આવી જાય એવી રીતે સમજાવી ન શકે ત્યાં સુધી ત્યાંથી હટવાનું નહીં. જો એ કંટાળીને તમને ત્યાંથી ચાલ્યા જવાનું કહી દે કે તમારું કામ કરવાની ના કહી દે તો એ વાતમાંય તમારે ફાયદો જોવાનો. એ સડીયલ કર્મચારીને બદલે કોઈ બીજા કર્મચારી સાથે કામનો અનુભવ લેવો પડશે, એ સારો પણ હોય શકે છે. ધારો કે બીજો કર્મચારી પહેલાં વાળા કરતાંય વધારે ખડુસ નીકળ્યો તો? એ તમને સમજાવવાનું દૂર રહ્યું સરખી રીતે વાત કરવા પણ તૈયાર ન હોય તો? કાંઈ નહીં ફરી માથે બરફની પાટ અને જીભ પર ગોળનો ગાંગડો મૂકી ''સર, સર'' કે ''મેડમ, મેડમ'' કહી ચાલું પડી જવાનું. મારી વાત પર વિશ્વાસ કરજો એ માણસ ભલે એક બે વખત સખત અકળાઈ જાય અને તમારી સામે બબાલ કરવા પર ઉતરી આવે ત્રીજી વખત તમને જોતા જ એ તમારું કામ ફટાફટ પૂરું કરી આપશે!

હાસ્તો વળી, કોઈક આપણો મૂડ શેનું ખરાબ કરી જાય. એને એ હક આપવો જ શું કામ જોઈએ? એ પોતે તમને જોઈને ગાભા જેવા થઈ જવા જોઈએ. જે કર્મચારી છે એમને એમનું બાકીનું કામ કર્યા વગર છૂટકો નથી. ક્યાં સુધી તમારી સાથે લમણાઝીંક કરવામાં એ એમનો કિંમતી સમય બરબાદ કરશે, જ્યારે કે તમારી ઉપર એની કોઈ જ આડઅસર દેખાઈ ના રહી હોય!

જુનિયર ક્લાર્ક ઉપર સિનિયર ક્લાર્ક હોય જ છે, મારી સલાહ મુજબ કામ ના થાય તો જ આગળ જઈ ફરિયાદ કરવી પણ અપમાનનો ઘૂંટ ભરીને બેસી ન રહેવું!

**અમસ્તું,**

ઉતાવળ ના કરો મારી વાત પર બે વખત વિચાર કરો અને પછી શું કરવું તે નક્કી કરો!

@KapadiaNiyati